કે'શો કેમ સિંહને સત્ય, તમે તો સુજ્ઞ છો!
છે દલાલી આ કોલસાની, તમે તો સુજ્ઞ છો!
તમે તો સુજ્ઞ છો, ગુના-કાયદાને ન્યાય નાં -
જાણો છો કરતૂત બધાં, તમે તો સુજ્ઞ છો!
(તપાસપંચ શરૂ..)

તક જોઇને -
ચીન પણ હવે તો
ભરે ચીમટો!
(અરૂણાચલ અમારું છે)

ભાડૂતી ભીડે,
થાય છે મૂલ્યાંકન -
'લોકપ્રિયતા'
(ચેનલ-છાપાં પર કબ્જો)

ચિંતન

વરં પર્વત દુર્ગેષુ ભ્રાન્તં વનચરૈઃ સહ, ન મૂર્ખ જનસંપર્કઃ સુરેન્દ્રભવનેષ્વપિ ॥

ભતૃહરિ નીતિશતકનો આ શ્લોક છે :

'જયાં ફરવું, ભટકવું અતિશય દુર્ગમ છે એવા (ગીચ જંગલવાળા) પર્વતો પર વનચર પશુઓ કે આદિવાસીઓ સાથે રહેવું-ફરવું સારૂં પણ ભલે ઇન્દ્રના મહેલ જેવો આલિશાન નિવાસ હોય પણ એમાં મૂર્ખ જન સાથે રહેવું-નિવાસ-સહવાસ જરા પણ યોગ્ય નથી.'

અહીં સજ્જનો-બૌદ્ધિકો-વિદ્વાન-પંડિતોની પ્રશંસા કરવાને બદલે અન્યોક્તિથી આ વાત સમજાવતાં કહે છે. દુર્જન-મૂર્ખ લોકોની 'સંગત' કરવી જ નહીં. ભલે ઇન્દ્ર જેવો નિવાસ મળતો હોય પણ એમાં મૂર્ખજન સાથે જો રહેવાનું થાય તો એના જેવી બીજી કોઇ સજા નથી.

ઝૂંપડીમાં, વનચર સાથે, કઠિન, દુર્ગમ, પર્વતો પર ભટકવું પડે એમાં વાંધો નહીં પણ મૂર્ખની સાથેનો સહવાસ જરા પણ ઉચિત નથી.

અહીં આડકતરી રીતે સજ્જન-બુદ્ધિમાનો સાથેના સત્સંગની જ વાત છે. વિદ્વાન-પંડિતો સાથે જ સંસર્ગ રાખવો.

સુવિચાર

- આત્મવિશ્વાસ અને દરેક વ્યક્તિ વચ્ચે અંતર હોય છે પણ તેને મનની શક્તિ વડે ઘટાડી શકાય છે - *રજનીશ*
- દરેક વ્યક્તિ એક સંશોધક છે, દરવાજા તરફ જોતાં રહીને અને તેને ઉઘાડ્યા વગર તમે તમારી જીંદગી કેમ જીવી શકો? - *આઇન્સ્ટાઇન*
- શારીરિક બહાદુરી એ પ્રાણીજન્ય સ્ફુરણા છે... નૈતિક બહાદુરી વધારે ઊંચી એ વધુ સાચી હિંમત છે - *રશિયન આર્મી સૂત્ર*
- જેને ઇશ્વરમાં શ્રદ્ધા નથી તે નાસ્તિક છે... એને નવી રીતે કહીયે કે જેને પોતાની જાતમાં આત્મશ્રધ્ધા નથી તે નાસ્તિક છે - *અઝીમ પ્રેમજી*
- મુજે કુછ નહીં તો સકતા, મેરી માં અભી જીંદા હૈ, મૈં જબ ઘર સે નિકલતા હું, મેરી માં કી દુઆ મેરે સાથ ચલતી હૈ - *મુન્નવર રાણા*
- જેમ ઇશ્વરનાં ગુણગાન ગાવા માટે પૃથ્વીરૂપી ખડિયો અને તેના જળ જેટલી સ્યાહી લઇએ તો પણ તે શક્ય નથી તેવી જ રીતે માતાની આભારવિધિ કરવાનું અસંભવ છે - *ભવેન કચ્છી*
- વિપરિત કે પડકારરૂપ પરિસ્થિતિમાં તમે કેટલા સ્વસ્થ રહી શકો છો તેના ઉપરથી તમારી પરિપકવતા નક્કી થાય છે - *કાન્તિભટ્ટ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

ઇશ્વરના 'દર્શન' માટે આપણે અનેક કઠિન યાત્રાઓ, સ્નાન અનેક પવિત્ર નદીઓ, સમુદ્ર કાંઠા કોઇ ખાલી મૂકતા નથી. ચારધામ-બાર જયોતિર્લિંગ અમે કર્યા છે એમ ગૌરવ ભેર બોલીઓ છીએ પણ એમા કયાંય 'દર્શન' થયાં નો આનંદ દેખાયો નથી ઉલ્ટું કયાં છેતરાયાં હેરાન થયાં ની કથા સાંભળવા મળે... ઇશ્વર આપણા હૃદય અને સદાચાર યુક્ત આચરણમાં છે. સત્ય-દયા-પ્રેમમાં છે.

એક યુવાન ઝેન ગુરુ પાસે આવ્યો અને કહ્યું મારે ઇશ્વરના દર્શન કરવાં છે. તમે કહો તેવી કઠિનમાં કઠિન યાત્રા કરવા તૈયાર છું - આજ્ઞા આપો...

ઝેન ગુરુ સ્મિત સાથે બોલ્યા, 'હું તને એક નાની વાર્તા કહું છું એ સાંભળી પછી ઇશ્વરની શોધમાં નીકળી પડજે.'

ઝેન ગુરૂ કહે એક મહાસાગરમાં નાની માછલી રહેતી પણ એ એને નાનો-છીછરો લાગતો હતો. એક મોટા મચ્છ પાસે ગઇ અને પૂછ્યું - મચ્છરાજ! બધા મહાસાગરની મોટી મોટી વાતો કરે છે ત્યાં વ્હેલ મોટા મગર વસે છે એ મહાસાગર કયાં આવ્યો છે? મારે એ જોવાની ખૂબ જ ઇચ્છા છે...

મચ્છરાજ કહે - અરે ગાંડી! આ જગ્યા જયાં આપણે રહીએ છીએ તે 'મહાસાગર' જ છે!

માછલીને સમજણ ન પડી. પાંખ પછાડતી દૂર નીકળી ગઇ. એ આને છીછરૂં પાણી જ સમજતી રહી... યુવાન ઝેન ગુરુને વંદન કરી, સ્મિત સાથે ચાલ્યો ગયો.

Email - sureshchandrabhatt18@gmail.com

...તેને ઊંઘ આવતી નથી, રાત તેને બહુ ભારે અને લાંબી લાગે છે, પણ તેણે સાંભળેલું છે કે દરેક કાળી રાત પછી એક સોનેરી સવાર જરૂરથી ઊગે છે તેને એવી સવારની પ્રતિક્ષા છે

(ગતાંકથી આગળ...)

બીજી એક ઘટના. તે હાયર સેકેન્ડરીમાં હતી. ગીષ્મા તેની ખુબ ગમતી બહેનપણી બંને બહેનોની જેમ હળીમળીને રહે.

પરીક્ષાના દિવસોમાં બંને મળીને એક સાથે તૈયારી કરતી હતી. કયારેક ગ્રીષ્મા તેને ત્યાં રોકાતી તો કયારેક એ ગ્રીષ્માને ત્યાં જતી.

ફિઝિક્સનું પેપર હતું. ગ્રીષ્માના પપ્પા ફિઝિક્સના લેક્ચરર હતા. અને તેનો ભાઇ એન્જિનિયરનો કોર્ષ કરતો હતો.

ગ્રીષ્મા એ કહ્યું કે આજે આપણે મારા ઘેર જ રહીશું. પપ્પા અને ભાઇ પણ આપણે મદદરૂપ થશે.

ઘેર કહીને તે ગ્રીષ્માને ઘેર રોકાઇ. વાંચી વાંચીને થાક્યા બાદ બંનેને કયારે ઊંઘ આવી ગઇ તેનું ભાન જ ન રહ્યું.

અચાનક અર્ધ નિંદ્રાવસ્થામાં તેને એવું લાગ્યું કે તેના અંગોને કોઇ સ્પર્શી રહ્યું છે.ધગધગતાં ગરમ શ્વાસ તેની ચહેરા પર ટકરાતા હતા. તેણે આંખો ખોલી જોયું તો ગ્રીષ્માનો ભાઇ રૂમમાંથી બહાર નીકળી રહ્યો હતો.

તેણે પોતાના પડખામાં સુતેલી ગ્રાષ્મા ને એકવાર તો જોરદાર હચમચાવી દીધી. તે ગભરાઇને બેઠી થઇ ગઇ અને વિસ્મયભરી આંખે તેને જોવા લાગી.

'શું થયું?', 'મને બહુ બીક લાગે છે.', 'બીક, શેની, કોઇ બિહામણું સપનું જોયું?', 'હાં, બિહામણું સપનું જ હતું. કોઇ વરૂના પંજા મારા અંગો પર ફરતા હતા. ગ્રીષ્મા એ ભયંકર પંજા કયારેક તારી તરફ પણ ધસીને તને લોહી લુહાણ કરી શકે છે મારી બહેન.' અને તે હીબકાં ભરીને રડવા લાગી. તેની છાતીમાં ડુમો ભરાઇ ગયો હતો.

નવાં કલેવર
- નટવર હેડાઉ

'તું તો સાવ ગાંડી છે. ક્યાંક કંઇ નથી. લે હવે સુઇ જા.' પરંતુ તે પછી આખી રાત સુઇ શકી ન હતી.

● ● ●

આ ઘટના તેના કોલેજ સમયની છે.

વિશાલ તેની કોલેજમાં સૌથી હેન્ડસમ અને સ્માર્ટ છોકરો હતો. કોણ જાણે તેનામાં શું હતું કે તે તેના તરફ આકર્ષાઇ હતી. વિશાળ પણ તેની તરફ ખેંચાઇ આવ્યો. તેને એમ લાગ્યું કે આ આગ બંને તરફથી બરાબર લાગી છે.

કદાચ એ પ્રેમ હતો. કદાચ વાસના પણ હોય.

તે લગ્ન કરવા માંગતી હતી. તે માટે ઘણી વાર તેને વાત પણ કરેલ. પણ વિશાલ સમજીને પણ ન સમજ્યો.

ત્યાં એક દિવસ તેની નોટબુકમાં વિશાલનો લખેલો એક પત્ર મુકેલો મળ્યો. જેનાં તેની વિકૃત મનોવૃત્તિનું રહસ્ય ખુલી ગયું. તે લગ્નને તે સામાજિક પાખંડ સમજે છે. તે ફ્રી સેક્સમાં માને છે અને સ્ત્રી મિત્રો રાખવી એ તેની હોબી છે. અથવા એમ કહી શકાય કે તેના માટે એ મનોરંજનનું સાધન છે.

તેના કહેવા મુજબ જુદા જુદા વર્ગ અને ઉંમરની તેની ઘણી સ્ત્રી મિત્રો હતી. તે તેમની સાથે શયનસુખ ભોગવી ચુક્યો હતો. તે તેના સ્ટડી રૂમમાં અમુક ફોટો આલ્બમ, સીડી અને ચોપડીઓ મુકી ગયેલો. જેમાં વર્જનાહીન સેક્સ, અગમ્ય સંબંધોમાં શારીરિક સંબંધોની જુગુપ્સા પ્રેરક સેક્સના ક્રિયાકલાપો, કુંઠાઓ અને અપ્રાકૃતિક ક્રિયાઓનાં ચિત્રણો અને વર્ણનોથી ભરપૂર સામગ્રી હતી.

... અને શિલ્પા માટે શરાબ અથવા હાઇજેક ડ્રગ લઇ ગૃપ સાથે મોજ-મજા કરવાનું આમંત્રણ હતું.

સ્ત્રી તેના માટે કેવળ ભોગ્યા, વિલાસની વસ્તુ, શરીર માત્ર છે. 'વિમેન લીબ' આવા જ લોકો દ્વારા ચાલતી સાજીસ છે.

વિશાલની અસલીયત જાણી તેને નફરત થઇ આવી. તેના સાથેનાં તમામ સંબંધો તેને તોડી નાંખેલા તે પછી પણ અનેક પ્રકારની અફવાઓ અને મનઘડંતન કિસ્સા ઉછાળ્યા. કોલેજની કેન્ટીન, દાદરની નીચે ટોઇલેટમાં બંને વચ્ચેના અશ્લીલ કુત્સીત સંબંધોની ખોટી વાતો, કાર્ટૂનો અને વાક્ય લખી દીધેલાં. પરંતુ એ તેની જાળમાં ન આવી. વિશાળની દાળ કોઇ રીતે ગળી શકી નહીં.

તેને એવું પણ જાણવા મળેલું કે આવા વિદ્યાર્થીઓની ગતિવિધિઓ પાછળ અમુક અધ્યાપકોની પણ ભાગીદારી રહેતી હતી. તેમને તેનો સાથ અને સહકાર મળતો.

આજે તેના મગજમાં વ્યતિતના વિચારોનું એક તોફાન જાગ્યું હતું.

પી.એચ.ડી. માટે તેનું રજીસ્ટ્રેશન થઇ ગયું છે. ઘણો સમય વ્યતિત થવા છતાં આગળનું કોઇ કામ થતું ન હતું. તે પોતાના ગાઇડને અનેક વખત અનુરોધ, અનુનય-વિનય કરી ચુકી હતી. એક દિવસે તેમણએ કહ્યું, 'આજે સાંજે આઠ વાગ્યે મારા બંગલે આવી જજે. અહીં કામ થઇ શકતું નથી. હાં તારી સાથે કોઇને લાવતી નથી. તેના કારણે નક્કામાં બેધ્યાન થવાય અને કાર્યમાં વ્યવધાન આવે. રાત થઇ જવાની ચિંતા ન કરતી. એવું હશે તો હું તને મારી કારમાં વળતાં મુકી જઇશ.'

તે બરાબર આઠ વાગ્યે તેમનાં બંગલે પહોંચી ગઇ. પ્રોફેસર સાહેબ બહાર લોનમાં ખુરશી રાખી બેઠા હતા. તેને જોઇને અંદર ગયા. જે ઓરડામાં તેને બોલાવી ત્યાં એકદમ અંધારૂં હતું. અંદરથી પ્રોફેસર સાહેબનો અવાજ સંભળાયો. 'અંદર આવી જા. આજે સાંજથી માથું દુઃખે છે. ઘરનાં બધાં પિક્ચર જોવા ગયા છે. અહીં કોઇ નથી તું મને સહેજ બામ લગાવી આપીશ?'

તે બામની શીશી લઇ તેમની નજીક ગઇ તો તેમને તેનું કાંડુ પકડી પોતાના ઉપર ખેંચી લીધી. તે ગમે તેમ બહાનું કાઢી ત્યાંથી ભાગી નીકળી.

વાંદરો ઘરડો થાય તોય ગુલાંટ ન ભૂલે.

નોકરી માટે તે એક મોટી કંપનીમાં ઇન્ટરવ્યુ આપવા ગયેલી. નિયોજકે તેને એક નજરે જોઇને પછી કહ્યું, 'તમે ભણેલ ગણેલ અને મસજદાર છો તેથી સિલેકશન તો થયું જ સમજો. કામ તો ખાસ છે નહીં. દરરોજ સાંજે મારે બંગલે આવી ડીકટેશન લેવું પડશે. આઇ મીન, પર્સનલ સેક્રેટરીનું કામ - બિઝનેસ ડીલ પાકી કરવા માટે ગેસ્ટ સાથે 'મીટ ટૂ ગેધર' કરવું તેમનું 'રિસેપ્શન... રિક્રીયેશન' કરવાની વાત છે... તેમને કંપની આપવી પડશે. બિઝનેશ ટૂર પર મારી સાથે રહેવું પડશે. બસ એ જ બીજું શું.'

પણ તે વેચાવા તૈયાર ન હતી તેથી ઉભી થઇ ચાલી આવી.

અર્ધ નિંદ્રાવસ્થામાં તેને એક દુઃસ્વપ્ન દેખાય છે. જાણે કે આખો દેશ અશ્લીલ પોસ્ટરો અને વાતોમાં અટવાયો છે. સ્ત્રીનાં નગ્ન શરીર તેના અવયવોનો ધૃણાસ્પદ વેપાર થઇ રહ્યો છે. તે ત્રિભેટે નગ્ન ઊભી છે. કોઇ ભાવનાત્મક સંબંધો જેવુ કંઇ રહ્યું નથી. સ્ત્રી માત્ર દેહમાં પલટાઇ ગઇ છે. ચારે બાજુ દૈહિક સંબંધો અને યૌનાંગૌ અને ચાલુ વાક્યો, અશ્લીલ મજાકો અને ગાળોના અવાજો સંભળાઇ રહ્યા છે. ઠંડીને ધુમ્મસમાં ધ્રુજતી માદા શરીરની ફફડતી દીકરીઓની તીખી - મારક ગંધ તેમાંથી ઉઠતો ગરમ ધુમાડો ચારે બાજુ ફેલાયો છે.

સહસા તેને લાગે છે કે તેનું શરીર કોઇ મોટા બોજ નીચે દબાઇ ગયું છે. તે પીસાઇ રહી છે. તે એકદમ બેઠી થઇ જાય છે. આખું શરીર ધ્રુજે છે. તે પરસેવે તરબતર થઇ ગઇ છે.

હા... હા... તેને પુરૂષજાત, અરે! ત્યાં સુધી કે તેના નામથી પણ ઘ્રુણા છે.

તેને ઊંઘ આવતી નથી. રાત તેને બહુ ભારે અને લાંબી લાગે છે. પણ તેણે સાંભળેલું છે કે દરેક કાળી રાત પછી એક સોનેરી સવાર જરૂરથી ઊગે છે.

તેને એવી સવારની પ્રતિક્ષા છે.

- vanvihari@gmail.com

AIDS ની આભડછેટ..!! HIV + ટેક ઈટ + vely...!!

અનૈતિક સંબંધોના અખતરામાં એઇડ્સની ગિફ્ટ સિલ્કી પેપરમાં પેક થઇને આવે એમ અનેક વગર વાંકગુને પણ એઇડ્સનો ભોગ બનીને સમાજમાં બને છે 'બિચ્ચારાં'

૧ ડિસેમ્બર એટલે એઇડ્સ જાગૃતિ દિન... પોતાના રૂડાં રૂપાળાં સંસારનાં બહારની મજા લેવાં અને એવી 'વસ્તી'માં આંટાફેરા મારતાં બિરાદરો કે પછી પેટનો ખાડો પુરવા દેહવ્યાપારનાં ધંધે ચઢેલી યુવતીઓ એ આ એઇડ્સનાં ઉદ્‌ગમ સ્થાનનું મુખ્ય સ્રોત છે એમ મનાય છે, અને મહદ અંશે આ વાત સાચી પણ છે. અનૈતિક સંબંધોના અખતરાં કરતાં યુવાનો અને સાવચેતીનાં પગલાને અડચણ સમજી બિન્દાસ્ત બની બેફામ બનતાં યુવક-યુવતીઓને એઇડ્સની ગિફ્ટ સિલ્કી પેપરમાં પેક થઈને મળે છે, રિપોર્ટનું રેપર જયારે ખૂલે છે ત્યારે રૂપાળી લલનાઓની ભેટ રૂપે એઇડ્સની મહામાહી ગળે આવીને પડે છે!!

સામાન્ય લોકોનાં મનમાં એઇડ્સની આટલી જ જાણકારી છે કે એક કરતાં અનેક સાથે ઐનિતક સંબંધોથી એઇડ્સ થાય છે, પરંતુ આના સિવાયનાં પણ કારણે છે. ગર્ભવતી મહિલા કે નાનાં બાળકોને એઇડ્સ થાય છે, આમાં આડા સંબંધો કયાં વચ્ચે આવ્યા? બાળકો અને યુવાનો કે જેમને એમની ભૂલને કારણે નહીં પણ અન્યનાં કારણે આ એઇડ્સની ગિફ્ટ મળી છે, અને જેઓ સમાજની આભડછેટનો સામનો કરે છે એમની માનસિક સ્થિતિ સમજવાની અને પોઝિટીવલી એમને આપણી વચ્ચે અપનાવવાથી મળનારી રાહતની કંઇક વાત કરવી છે. આજે પોઝિટીવલીના કારણે કેટલાંય આની સામે ટક્કર ઝીલી રહ્યાં છે...

એ લોકો એચ.આય.વી. પોઝિટીવ છે, સો વોટ? એ કાંઇ બિચ્ચારાં નથી, અને એમને લાચાર પણ સમજશો નહીં. નસીબનો ભોગ સમજીને આ કાંઇ ખરાબ એમનાં ભાગે આવ્યું નથી. એમની દયા તો બિલકુલ ખામોશ જ નહીં. શું થયું છે એમને? એ લોકો મનથી મજબૂત છે, બૌદ્ધિક ક્ષમતાથી બ્રિલીઅન્ય છે. શારીરિક ક્ષમતાનાં કામ પણ કરે છે, અને શ્રેષ્ઠ સ્પોર્ટસમેન પણ સાબિત થયા છે. એમને પોતાની જાતનો ગુસ્સો આવતો નથી. એ જેવાં છે તેવાં છે. એમણે એમની જાતે એઇડ્સને સ્વિકારી લીધો છે... એમને માત્ર જરૂર છે સમાજનાં સ્વીકાર્યની. આપણાં લોકોની તિચ્છી નજર અને અધૂત જેવો વ્યવહાર એમનાં માર્ગમાં મોટી અડચણ છે!!



બાળકોમાંથી યુવાન બનતાં અને એઇડ્સ સાથે જીવતાં આ સૌ આપણામાંના જ છે. આપણાં યુવાનોને આવે એવા સ્વપ્નાં એમને પણ આવે છે. પ્રેમમાં પડવાની, લગ્ન કરવાની, કરિયરની કે પૈસા કમાવવાની, વિશ્વ પ્રવાસની અને પુષ્કળ જિંદગી જીવવાની એમની અદમ્ય ઈચ્છા. એમને આપણે સ્વીકારવા કે નહીં એ તો આપણા બધાંને પ્રશ્ન પણ એમનો જિંદગી જીવવાની અને એય સામાન્ય લોકોની જેમ જે પોઝિટીવલી લીધું છે એ જ આ રોગની શ્રેષ્ઠ મેડિસીન છે.

કેટલીય સામાજિક સંસ્થા પોતાની જવાબદારી સમજીને આવાં બાળકો - યુવાનોને પોઝિટીવલી લે છે, જેમનો મનસુબો જ આટલો પોઝિટીવ છે એમને આપણે 'બિમાર' કહી શકીએ? અનેક વ્યક્તિઓને અનેક બિમારીઓ હોય છે. એ માટે તેઓ ઉપચાર કરે છે એવું જ કંઇક એચ.આઇ.વી. નામનાં વાયરસ સાથે જીવે એમનું હોય છે. આવા સમ બિમારીવાળા એકબીજાને મળીને પોતાનું ગ્રુપ બનાવે છે. ફેસબુક જેવી સોશ્યલ નેટવર્કીંગ સાઇડ્સ પર પોતાનાં ગ્રુપ બનાવી પોતાનાં પ્રશ્નોનાં હલ આપસમાં ચર્ચા કરી કાઢી લે છે...

યોગ્ય સમયે ઔષધોપચાર, જનજાગૃતિની મદદથી એચ.આઇ.વી. સાથે જીવનારાં નાના બાળકનું આયુષ્ય લંબાય એટલે યુવાન થતાં સુધીમાં તો એને એનેક પ્રશ્નો ઘેરી વળે છે. માત્ર મોટી થતી જતી આ સમસ્યા બાજુ આજે પણ ગંભીરતાથી જોવાતું નથી. મોટા થતાં છોકરા-છોકરીને લૅંગિક શિક્ષણ, માનસિક વિજાતીય પ્રશ્નો માટે હજીએ ખુલીને બોલાતું નથી. એવામાં એઇડ્સ સાથે જીવતા અને યુવાનીમાં પ્રવેશતા દર્દીઓ માટે કોણ વિચારી શકે? એઇડ્સ સાથે જીવતાં અને યુવાનીમાં પ્રવેશતાં દર્દીઓ માટે કોણ વિચારી શકે? એઇડ્સનાં બાળકો-યુવાનો સાથે મિત્રતા કરી એઇડ્સ થયો છે, સો વોટ? એવું કહીને હિંમત આપતા કેટલાંય સેવકોએ એમને જીવન જીવવાની જડીબુટ્ટી આપી છે!!

આ બાળકોનો ઉત્સાહ વધતા અને એમનામાં રહેલી ક્ષમતાનું ભાન થતાં એમને એચ.આઇ.વી. એ એમની નબળાઇ છે એવું લાગતું જ નથી. જિંદગીનો વિચાર તેઓ વધુ સેન્ટીમેન્ટલી કરતાં લાગે છે. એમને પોઝિટીવ હોવું એ પણ એક તાકાત લાગવા લાગે છે. અને તેઓ નવી ઉમીદ સાથે જીવવા લાગે છે. આમને આટલા હકારાત્મક બનાવવા એટલા સહેલા નથી. એમનાં મનમાં એક પ્રશ્નો હોય છે. કેટલાંક પ્રશ્નો યુવાનીને લગતા તો કેટલાંક એઇડ્સને કારણે હોય છે જે કોઇને પૂછી શકાય એવાંય હોતાં નથી. કયારેક એમને જ કેમ આ બિમારી મળી એટલે પોતાના પર ગુસ્સો હોય છે. આ બિમારી મા-બાપ દ્વારા મળી એવું ખબર પડે તો એમનાં તરફ પણ ગુસ્સો હોય છે અને એ ગુસ્સાને વ્યક્ત કરવાં તેઓ સમયસર દવા લેતાં નથી અને એમનો કેસ વધુ ગૂંચવાયો જાય છે. એટલે એમને બોલતા કરવા અને એમની વ્યથા સમજી એને પોઝીટીવ માર્ગે વાળવા એ જ સૌથી મોટી ચેલેન્જ સ્વીકારવી પડે છે...

એચ.આઇ.વી. એઇડ્સ સાથે જીવનારાં નાના બાળકો માટે આપણા ત્યાં પુષ્કળ જનજાગૃતિ આવી ગઈ છે. અનેક સંસ્થા - સરકારી યોજના, મફત ઔષધોચાર સાથે એમને સામાજિક સન્માન મળે એ વધુ જરૂરી થઇ પડ્યું છે. જેમ આ બાળકો યુવાનીનાં ઉંબરે પગ મુકે ત્યારે અનેક વિચારો આવવા શરૂ થાય છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ એટલે પ્રેમ

સને ૧૯૭૧માં સાહિત્યનું નૉબલ પારિતોષિક મેળવનાર ચિલીના મહાન કવિ અને અગ્રણી રાજદ્વારી કવિ પાબ્લૉ નેરુદા (૧૯૦૪ - ૧૯૭૩)એ અતિવાસ્તવવાદ **(surrealism)** - અજાગૃત મનની પ્રવૃત્તિઓને વ્યક્ત કરતી કવિતાઓ પણ આપી છે. પ્રેમ એટલે શું? પ્રિયાની ચળકતી, ચકળવકળ થતી આંખોમાં ઓગળી જતો અંધકાર. પ્રેમ એટલે પથ્થરની લકીર. પ્રેમ એટલે પતંગિતાની પાંખ. પ્રેમ એટલે ફૂલોની કુમાશ અને કળીઓની નરમાશ.

નેરુદાએ તો વ્યાપક આભા ખોલી આપતી કવિતાઓ આપી છે. પરંતુ પ્રેમ એટલે શું? હમણા થોડા સમય પહેલા એક અહેવાલ આવ્યો હતો કે અમેરિકાની સંસ્થાએ પ્રાઇમરી સ્કૂલના પથી ૮ વર્ષની ઉંમરના બાળકોનો ખાસ પ્રકારે અભ્યાસ કર્યો હતો. બાળકો સાથે નર્સિંગ કૉર્સ કરતી યુવતીઓએ પ્રશ્નોત્તરી કરી હતી. બાળકો સાથે પ્રેમ એટલે શું? એ અંગેના જવાબો ખરેખર રૉમેન્ટિક હતા.

માત્ર છ વર્ષના એક છોકરાએ કહ્યું કે પ્રેમ એટલે તમે કોઈની જોડે નાસ્તો કરવા જાઓ અને તમારી મનપસંદ પૉટેટો ચિપ્સ બધી જ એને આપી દો અને બદલામાં એની પ્લેટમાંથી કશું પણ લીધા વિના. એનું નામ "પ્રેમ." આઠ વર્ષની એક છોકરીએ જવાબ આપ્યો કે "જ્યારે તમને કોઈ ચાહતું હોય ત્યારે એ તમારું નામ બીજા કોઈ કરતા કંઈક જુદી જ રીતે બોલે છે, એવું તમને લાગે. તમને એમ જ લાગે કે તમારું નામ એના મોઢામાં ખુબ સલામત છે, એનું નામ "પ્રેમ"



ચાર વર્ષની એક છોકરીએ કહ્યું કે "જ્યારે તમે ખુબ થાકેલા હોવ ત્યારે પણ જે તમને હસાવી શકે એ જ "પ્રેમ." સાત વર્ષના એક છોકરાએ જવાબમાં કહ્યું કે "મારી દાદીને સાંધાનો વા થયો છે. એ નીચે વળી શકતા નથી. આથી મારી દાદીના પગના નખ કાપવા અને નખ રંગી આપવાનું કામ મારા દાદા પોતાના હાથના સાંધા દુઃખતા હોવા છતા કરતા હોય છે. આનું નામ "મ."

સાત વર્ષની એક છોકરીએ એવું કહ્યું કે "તમને ખુબ જ ગમતી વસ્તુની ભેટનું પેકેટ કોઈ આપે ત્યારે એ પેકેટ ખોલવાના બદલે તમને એ ભેટ આપનારની વાતો સાંભળવામાં જ વધારે રસ પડે, એનું નામ"પ્રેમ." આઠ વર્ષના એક છોકરાએ જવાબ આપ્યો કે " મારી મમ્મી કૉફી બનાવીને મારા ડેડીને આપતા પહેલા એક ઘુંટડો ભરીને ચાખી લે છે કે કૉફી બરાબર બની છે કે નહીં, બસ એનું નામ"પ્રેમ." છ વર્ષની એક છોકરીએ એવું કહ્યું કે "એક છોકરી જ્યારે કોઈ છોકરાને કહે કે તારું આ શર્ટ મને બહુ ગમે છે, એ પછી પેલો છોકરો રોજેરોજ છોકરીને ગમતું એ જ શર્ટ પહેરે એનું નામ પ્રેમ.

પાંચ વર્ષના એક છોકરાએ પોતાના જવાબમાં એવું કહ્યું કે "મારી મમ્મી મને રાતે સૂવડાવી દીધા પછી મારી આંખો બંધ થયેલી જોઈને મારા ગાલ ઉપર હળવી કિસ કરે એ જ "પ્રેમ." સાત વર્ષની એક છોકરીએ વળી એવું કહ્યું કે "એક વૃદ્ધ પુરષ અને એક વૃદ્ધ સ્ત્રી એકમેકને બધી રીતે, સારી રીતે જાણતા હોવા છતા વર્ષોથી સાથે જ રહેતા હોય એને જ પ્રેમ કહેવાય." જ્યારે છ વર્ષની એક છોકરીએ જવાબમાં કહ્યું કે "મારા ડેડી જોબ પરથી ઘેર પાછા ફરે ત્યારે ધૂળ-ધૂળ હોય અને પરસેવાની બદબૂ આવતી હોય તેમ છતા મમ્મી એમના ધૂળથી છવાયેલા માથાના વાળમાં હાથ ફેરવતી એમને ભેટી પડે એનું જ નામ "પ્રેમ."

આઠ વર્ષના એક છોકરાએ વળી એવું કહ્યું કે "જ્યારે તમારા ક્લાસમાં સાથે ભણતી કોઈ છોકરી તમને આઈ લવ યુ કહે અને તમને તમારી આજુબાજુની દુનિયા ગોળ ગોળ ઘુમતી લાગવા માંડે એટલે "પ્રેમ." જ્યારે ચાર વર્ષની એક છોકરીએ તો એવું કહ્યું કે "શિયાળાની સવારે તમે હૉમવર્ક કરતા હોવ ત્યારે તમે જે ડોગીને દૂર હડસેલી દીધું હોય અને પછી આખો દિવસ એ ડોગી ઘરમાં એકલું રહ્યું હોય એ પછી તમે જ્યારે સ્કૂલેથી સાંજે ઘરે પાછા ફરો ત્યારે એ જ ગલુડિયું તમને ચાટવા માંડે એ જ પ્રેમ.

પાંચ વર્ષના એક છોકરા પ્રેમ વિશે કહ્યું કે "મારી પડોશમાં રહેતા એક દાદી ગુજરી ગયા એ પછી હું પડોશમાં રહેતા દાદા પાસે ગયો ત્યારે તેઓ રડતા હતા, એમના ખોળામાં બેસીને હું પણ રડ્યો. મેં એમની પાસે બેસીને એમને રડવામાં મદદ કરી એનું નામ પ્રેમ

પ્રેમ એટલે શું? પ્રેમ એટલે ઘણું બધું અન પ્રેમ એટલે કશું જ નહીં. ખાલી બાલદી એટલે પણ પ્રેમ અને ભરેલો વૉટરજગ એટલે પણપ્રેમ. પ્રેમ એટલે માત્ર ફૂલો જ નહીં, પ્રેમ એટલે કાંટાની ધાર પણ ખરી. પ્રેમ એટલે આપવાનું નામ. માગ-માગ કરે, માગણી કરે એ પ્રેમ નહીં. છલકાઈ જવાનું નામ પ્રેમ, ઢળી જવાનું નામ પ્રેમ. કવિ તુષાર શુકલની એક ગીતપંક્તિ છે : "દરિયો કંઈ રેતીને પુછે કે તને ભીંજાવું ગમશે કે કેમ, એમ પુછીને થાય નહીં પ્રેમ.

પુછવું પડે એ પ્રેમ નથી. માત્ર આકર્ષણ અથવા બીજું કંઈ પણ હોય. કારણ કે પ્રેમ માટે માગણી ન હોય. પ્રેમ એટલે માત્ર અને માત્ર લાગણી. પ્રેમ એટલે લાગણીનો ભંડાર. પ્રેમ એટલે વહેમ નહીં, પ્રેમ એટલે માત્ર પ્રેમ. આપીને પામવાનું નામ એટલે પ્રેમ. ચાહવાનું નામ એટલે પ્રેમ. ધિાર એટલે પ્રેમ નહીં. પ્રેમ એટલે આંખોનો જાદુ, જે સીધો હૃદયની ભીતર ઉતરી જાય. પ્રેમ દુનિયાની સર્વ ચીજો સુંદર બનાવે. દુનિયા સારી સારી જ લાગે એટલે પ્રેમ. પ્રેમ હોય એટલે કોઈ જ બાબત નકારાત્મક ન લાગે. પ્રેમ તમને બધું જ સારું અને માત્ર સારું જ બતાવે. સૌંદર્ય એટલે પ્રેમ. ઉકરડો એટલે ધૃણા ને ધિક્કાર.

એક દીકરી સાસરે ગયા પછી પણ પોતાના એકલા પડી ગયેલા પિતાને સવાર-સાંજ ફોન કરીને દવા લેવાનું યાદ કરાવે એનું નામ પ્રેમ. લગ્ન પછી માનો પક્ષ લઈને પત્નીને ઠપકો આપ્યા બાદ તેને ગમતી વસ્તુનું શૉપિંગ કરવા લઈ જાય એનું નામ પ્રેમ. માની માગણી વિના જ એને શું જોઈએ છે, એ સમજી જતા દીકરાની સમજદારી એટલે પ્રેમ. પિતાની આંખો કંઈક શોધતી હોય અને દીકરી એમની વાત પામી જાય એનું નામ પ્રેમ. દીકરાને કઈ વાતની તકલીફ છે એ પુછ્યા વિના જ સમજી જતી મા એટલે પ્રેમ. પ્રેમ એટલે શું અને પ્રેમ એટલે શું નહીં. સાસુની આંખોમાં જોઈને એમની વાત સમજી જતી પુત્રવધૂ એટલે પ્રેમ. સસરાની દિવસભરની તમામ જરુરીયાતો વગર માગ્યે અને ખડે પગે પૂરી પાડવાનું કામ કરતી પુત્રવધૂ એટલે પ્રેમ.

પ્રેમ એટલે પીડા અને પ્રેમ એટલે તડપ. પ્રેમ એટલે મિલન, તો પ્રેમ એટલે જુદાઈ પણ ખરી. જુદાઈનું દુઃખ એ પણ પ્રેમ અને પછી મળવાનું સુખ એટલે પણ પ્રેમ. અમાસની રાત પણ પ્રેમ, તો બીજ અને તેરસનો ચાંદ એટલે પણ પ્રેમ. પ્રેમ એટલે પુનમની ચાંદની ખરી, પણ માત્ર પુનમનો ચાંદ એટલે જ પ્રેમ નહીં. પ્રેમ એટલે રાતના સુમારે ઝળકતા આકાશના તારાઓ.

(અનુસંધાન પાના નં. ૬ પર)